સ્થાપના તા.૦૩/૦૭/૧૯૬૯ ॥ શ્રી ॥ રજી.નં.ઈ.૧૧૫ બનાસકાંઠા

# સરદાર પટેલ એજ્યુકેશન ફાઉન્ડેશન

સંચાલિત

# શ્રી પરાગભાઈ ત્ર્યંબકલાલ પટેલ સાયન્સ કોલેજ, ડીસા

કચ્છી કોલોની પાસે, ડીસા, જિ.બનાસકાંઠા –૩૮૫૫૩૫



ત્ર્યંબકલાલ જેઠાલાલ પટેલ
મેનેજીંગ ટ્રસ્ટી

૦૨૭૪૪– ૨૨૦૫૦૦
deesacollege@yahoo.in

## <u>બી.એસ.સી. (સેમ–૧)</u>

## <u>(પ્રથમ વર્ષ)</u>માં કોલેજમાં પ્રવેશ અંગે વર્ષ : ૨૦૨૧–૨૨

***નોંધ : <u>તમામ સુચનાઓ વાંચી પછી જ ફોર્મ ભરવું.</u>***

ધોરણ–૧૨ સાયન્સ પ્રવાહનું ઓનલાઈન રીઝલ્ટ આવેથી તુરંત પ્રવેશ અંગેની કાર્યવાહી શરૂ થશે અને ૦૫/૦૮/૨૦૨૧ દિવસમાં પુર્ણ થશે. ફોર્મ સ્વીકારવા અંગેની વિગતવાર જાહેરાત નોટીસબોર્ડ ઉપર પણ મુકવામાં આવી છે.

## ❖ ફોર્મ રજીસ્ટ્રેશન કરાવવા બાબત :

જે વિદ્યાર્થીઓ પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા હોય તેમણે કોલેજની વેબસાઈટ <u>**WWW.SPEFDEESACOLLEGES.ORG**</u> પરથી પ્રમાણપત્રોને આધારે ઓનલાઈન ફોર્મ ભરી પ્રિન્ટ કાઢી ફોર્મમાં નિયત કરેલ જગ્યાએ તાજેતરનો ફોટો ચોંટાડી જરૂરી પ્રમાણપત્રો સાથે કોલેજ કાર્યાલયમાં જમા કરાવી **રજીસ્ટ્રેશન ફી રૂા. ૧૦૦/–** ભરી પાવતી મેળવી લેવાની રહેશે. અને તેવા જ વિદ્યાર્થીઓનું મેરીટ યાદીમાં નામ સમાવવામાં આવશે. ફકત ફોર્મ ભરવાથી મેરીટ યાદીમાં સમાવેશ થશે નહી. <u>**રજીસ્ટ્રેશન ફી સાથે ફોર્મ જમા કરાવવું જરૂરી છે.**</u>

**નોંધ :** ઓનલાઈન ફોર્મ ભરતી વખતે વિદ્યાર્થીઓ સંપુર્ણ કાળજી રાખવી. કોઈપણ પ્રકારની ભુલ હશે તો ફોર્મ સ્વીકારવામાં/રજીસ્ટ્રેશન કરવામાં આવશે નહી.

<u>**પ્રવેશ ફોર્મ સાથે નીચે મુજબના જરૂરી તમામ પ્રમાણપત્રોની સ્વ–પ્રમાણિત નકલ સામેલ રાખવી.**</u>

- ફ્રેશ પાસપોર્ટ સાઈઝના ફોટા વ્હાઈટ બેકગ્રાઉન્ડમાં (જયાં જરૂરી હોય ત્યાં ગુંદરથી ચોટાડવા)
- શાળા છોડયાનુ પ્રમાણપત્ર,
- ધો.–૧૨ની તમામ પ્રયત્નોની માર્કશીટ,
- ટ્રાયલ સર્ટી.,

- **આધાર કાર્ડ / આધાર એનરોલમેન્ટ**
- **રેશન કાર્ડ**
- **ચુંટણી કાર્ડ (જો હોય તો)**
- **અપંગ હોય તો અપંગતાનો દાખલો,**
- **જાતિનો દાખલો (SC, ST, OBC, EBC...)(લાગુ પડતુ હોય તો)**
- **આવકનો દાખલો (SC, ST, OBC, EBC...)(લાગુ પડતુ હોય તો)**
- **બક્ષીપંચ જાતિના વિદ્યાર્થીઓએ જાતિના દાખલા ઉપરાંત <u>તા.૦૧/૦૪/૨૦૧૯</u> કે તે પછીનું સક્ષમ અધિકારીશ્રીનું "ઉન્નત વર્ગમાં આવતા નથી."તેવું 'પરિશિષ્ટ–૪' જોડવાનું રહેશે.(બક્ષીપંચ અનામત જગ્યા ઉપર પ્રવેશનો લાભ લેવો હોય તેમણે જ જોડવું)**
- **રાજય કે રાષ્ટ્રીય કક્ષાએ સાંસ્કૃતિક/રમત ગમત ક્ષેત્રે મેળવેલ સિધ્ધિના પ્રમાણપત્રો (જો હોય તો)**
- **માર્ચ ૨૦૨૧ પહેલા ધોરણ–૧૨ પાસ કરેલ હોય અને અભ્યાસમાં તુટ પડેલ હોય તો રૂા.૨૦/– ના સ્ટેમ્પ ઉપર નોટરી કરાવેલ સોગંદનામાની નકલ જોડવી. (લાગુ પડતુ હોય તો)**

નોંધ: રજીસ્ટ્રેશન વખતે ઉપરના તમામ અસલ ડૉક્યુમેન્ટ વેરિફાય કરવામાં આવશે તે યોગ્ય જણાશે તો જ પ્રવેશ માન્ય ગણાશે. આમ રજીસ્ટ્રેશન ફી ભર્યા બાદ રિપોર્ટિંગ કરાવવું ફરજિયાત રહેશે. રજીસ્ટ્રેશન વખતે દરેક વિદ્યાર્થીએ અસલ પ્રમાણપત્રો સાથે રાખવાના રહેશે.

## ❖ <u>પ્રવેશ પાત્રતા : B.Sc.સેમેસ્ટર–૧</u>

**પ્રથમ સેમેસ્ટર <u>B.Sc.સેમેસ્ટર–૧</u> માં પ્રવેશ મેળવવા માટે પ્રવેશાર્થીએ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ઉચ્ચતર માધ્યમિક શાળાંત પરીક્ષા કે યુનિવર્સિટીએ તેની સમકક્ષ ગણેલ પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ. (સાયન્સ પ્રવાહ વિષય સાથે પાસ)**

**નોંધ : ૧. અન્ય રાજયમાંથી ઉચ્ચતર માધ્યમિક પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીએ પ્રવેશ ફોર્મ સાથે ઉ.ગુ.યુનિવર્સિટીમાંથી Eligibility Certificate મેળવી ફોર્મ સાથે જોડવું.**

# પ્રવેશ માટેના બેઠકોની ફાળવણી

**પ્રથમ સેમેસ્ટર સાયન્સ પ્રવાહના વર્ગમાં ઉચ્ચતર માધ્યમિક શાળાંત પરીક્ષાની સાયન્સ પ્રવાહની પરીક્ષા પસાર કરેલ પ્રવેશાર્થીઓ માટે નીચે પ્રમાણે બેઠકો ફાળવવામાં આવશે.**

યુનિવર્સિટી તરફથી મંજૂર થયેલ શીટોની ફાળવણી નીચે મુજબ કરવામાં આવશે.પ્રથમ વર્ષ બી.એસસી.માં કુલ બેઠક પૈકી.....

૧. ૯૦ % બેઠકો સાયન્સના વિષય સાથે ધો.–૧૨ પાસ કરનાર માટે

૨. ૧૦ % બેઠકો **CBSE** સાથે ધો.–૧૨ પાસ કરનાર માટે

## અનામત બેઠકોની ફાળવણી :

૧. અનુસુચિત જાતિ (SC)________07 %

૨. અનુસુચિત જનજાતિ (ST)___________15 %

૩. બક્ષીપંચ (SEBC)________________27 %

૪. અપંગ (PH)______________03 %

૫. માજી/ચાલુ સંરક્ષણ દળના જવાનોના સંતાન (Ex-Serviceman)___01 %

૬. બિનઅનામત (OPEN SEATS)_47 %

૭. આર્થિક રીતે નબળા ( EWSs )________10 %
(આર્થિક રીતે નબળા વર્ગ–૧૦% પૈકી ૩૩ % બહેનો માટે અનામત રહેશે.)

૮. કોરોનાની વેકિસન લીધેલ છે તેવા વિદ્યાર્થીઓ___________02 %

જે તે અનામત બેઠકો પર પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ પ્રવેશ ફોર્મ સાથે જ જાતિ અંગેનું જે તે સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર તથા બક્ષીપંચ (SEBC)ના વિદ્યાર્થીઓએ સામાજિક અને શૈક્ષણિક પછાત (SEBC)ના દાખલા ઉપરાંત તા.૦૧–૦૪–૨૦૧૯ કે તે

પછી કઢાવેલ "પરિશિષ્ટ–૪" ઉન્નત વર્ગમાં આવતા નથી, તેવો મામલતદારશ્રીનો / સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર સામેલ કરવું.

રાજય કે રાષ્ટ્રિય કક્ષાએ સાંસ્કૃતિક / રમત ગમત ક્ષેત્રે મેળવેલ સિધ્ધિના પ્રમાણપત્રો મેળવેલ હોય તો તેની નકલ જોડવી. જેથી સ્પોર્ટ્સ કવોટામાં પ્રવેશની તક મળે.

**ઉપર મુજબ લાગુ પડતાં પ્રમાણપત્રો પ્રવેશ ફોર્મ સાથે જોડેલ નહી હોય તો જે તે અનામત કેટેગરીની બેઠકોમાં પ્રવેશ મળશે નહી. આવા વિદ્યાર્થીઓને જનરલ કેટેગરીના ઉમેદવાર ગણી પ્રવેશ કાર્યવાહી થશે. ફોર્મ જમા કરાવ્યા પછી પાછળથી આવા પ્રમાણપત્રો સ્વીકારવામાં આવશે નહી. જેની ખાસ નોંધ લેવી.**

- <u>પ્રવેશ ફી: 11500/-</u>

## <u>મેરીટ યાદી</u>

૧. ધોરણ–૧૨ ***<u>સામાન્ય પ્રવાહમાં કુલ ૫૦૦ ગુણમાંથી મેળવેલ ગુણ દર્શાવવા.</u>*** ( વિષય મુકિત સાથે એક કરતાં વધુ પ્રયત્ને પાસ કરનારે જે તે વિષય પાસ કરતી વખતે મેળવેલ ગુણ ગણતરીમાં લેવા. (**<u>પ્રેકટીકલ વિષયના ગુણ ગણવાના નથી.</u>**)

૨. એક કરતાં વધુ પ્રયત્ને HSC પાસ કરનારને પ્રયત્ન દીઠ ૧૦ ગુણ કપાત થશે.

૩. કોલેજ  જે વિસ્તારમાં હોય તે તાલુકાની સ્કુલના વિદ્યાર્થી હોય તો **કુલ ગુણમાં ૧૫ ગુણ** ઉમેરાશે.

૪. કન્યાના ૧૦ ગુણ ઉમેરાશે.

**ઉપર મુજબ ગુણની ગણતરી કરી મેરીટ યાદી બનશે.**

**નોંધ :** મેરીટ યાદી નોટીસ બોર્ડ ઉપર જાહેર કરવામાં આવે ત્યારે પોતાનુ મેરીટ નિયમ મુજબ બરાબર છે કે નહી તે ચેક કરી લેવાની રહેશે અને પોતાનો મેરીટ ક્રમ નોંધી લેવો. કોઈપણ પ્રકારની ભુલ હોય તો તે જ દિવસે આચાર્યશ્રીને મળીને ભુલ સુધારી લેવાની રહેશે. **પ્રવેશ યાદી જાહેર થયા પછી કોઈ રજુઆત ધ્યાનમાં લેવામાં આવશે નહી.**

મેરીટ યાદીના આધારે તૈયાર કરેલ પ્રવેશ યાદી જયારે નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવે ત્યારે તેમાં **જણાવેલ સમય મર્યાદામાં ફી ભરી પ્રવેશ મેળવી લેવાનો રહેશે. સમય મર્યાદામાં ફી નહી ભરનારનો પ્રવેશનો કોઈ હકક રહેશે નહી.**

**ઓનલાઈન ફોર્મ ભરવા સંબંધિત માહિતી કોલેજની વેબસાઈટ ઉપર તેમજ નોટીસબોર્ડ ઉપર મુકેલ છે. જેનો અભ્યાસ કરી ફોર્મ ભરવાની કાર્યવાહી કરવી.**

આ કોલેજમાં ભણાવવામાં આવતા વિષયોની યાદી ડિવિઝન વાઈઝ મુકેલ છે. ગુણવતાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે.

- External વિદ્યાર્થી તરીકે ધોરણ–૧૨ની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓએ Enrollment Certificate તથા ટ્રાયલ સર્ટીની પ્રમાણિત નકલ અવશ્ય જોડવી.

**ખાસ નોંધ : ઉપરોકત તમામ નિયમો અગાઉના વર્ષના નિયમોને આધીન રહીને વિદ્યાર્થીઓની જાણકારી માટે મૂકેલ છે. સરકારશ્રી તથા યુનિવર્સિટીની સૂચનાઓને આધીન ફેરફાર થઈ શકશે.**

**પ્રવેશ આપવા બાબતે તેમજ વિષય પ્રવેશ અંગે આચાર્યશ્રીનો નિર્ણય આખરી રહેશે.**
**કોઈપણ સંજોગોમાં વિષય બદલી આપવામાં આવશે નહી.**

**સ્થળ : ડીસા**

સાયન્સ પ્રવાહમાં નીચે મુજબના વિષય ગ્રૂપ રહેશે.

| Group | B.Sc. Sem-I & II | B.Sc. Sem-I & II | B.Sc. Sem-I & II |
|---|---|---|---|
| **A** | **PHYSICS/CHEMISTRY /MATHEMETICS** | **PHYSICS/CHEMISTRY** | **PHYSICS** |
| **B** | **CHEMISTRY/PHYSICS /BOTANY** | **CHEMISTRY/PHYSICS** | **CHEMISTRY** |

નોંધ :- 1. B.Sc. Sem- 1 નું માધ્યમ ગુજરાતી રહેશે.

2. પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીએ યુનિવર્સિટી અને કોલેજના પ્રવર્તમાન ધારા ધોરણ પ્રમાણે તથા શિસ્તના નિયમોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે. જે અંગેનું બાહેંધરી પત્ર પ્રવેશ ફોર્મ સાથે ભરીને આપવાનું રહેશે.

કાર્યાલયનો સમય સોમ થી શનિ :- સવારે 8:30 થી 12:00 નો રહેશે.